સંક્ષિપ્ત સમાચાર

મનરેગા રદના પ્રસ્તાવ સામે કોંગ્રેસના ધરણા

નવસારી : ભાજપ સરકાર દ્વારા મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી કાયદો (મનરેગા) રદ કરવાનો ખરડો રજૂ કરવાના પગલાં સામે કોંગ્રેસે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. નવસારી જિલ્લા કોંગ્રેસ સમિતિએ આ પગલાને ચિંતાજનક અને બદઈરાદાપૂર્વકનું ગણાવી દેશના કરોડો ગ્રામ્ય શ્રમિકોના અધિકાર પર સીધો હુમલો હોવાનું જણાવ્યું છે. કોંગ્રેસના મતે મનરેગા માત્ર એક કલ્યાણકારી યોજના નહીં પરંતુ રોજગારનો કાયદેસર હક છે, જેના આધારે ગરીબ અને શ્રમિક પરિવારોનું જીવન નિર્ભર છે. આ મુદ્દે નવસારી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા મંગળવારે સવારે 11:00 વાગ્યાથી બપોરે 1:00 વાગ્યા સુધી નવસારીના ફુવારા સ્થિત ગાંધી સ્મારક પાસે ધરણા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધરણા કાર્યક્રમમાં જિલ્લા અને તાલુકા સ્તરના હોદ્દેદારો તેમજ ચૂંટાયેલા પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ભીલાડમાં 0.722 ગ્રામ ગાંજા સાથે એક પકડાયો

ઉમરગામ : સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ વલસાડ પોલીસ દ્વારા ભીલાડમાંથી 0.722 કિલોગ્રામ કિંમત રૂપિયા 36,100 ના ગાંજાના જથ્થા સાથે એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહ સુરત વિભાગ અને વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના અને માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લામાં ગેરકાયદે રીતે માદક પદાર્થનું વેચાણ તથા સેવન કરતા ઈસમો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા આપેલી સૂચના અનુસંધાને પોલીસ ઇન્સ્પેક્ટર એ યુ રોઝ એસ.ઓ.જી વલસાડ તથા સ્ટાફના માણસોએ મળેલી બાતમીના આધારે ભીલાડમાં રહેતો આરોપી દીપુ રામકુમાર વર્મા (ઉં 32, રહે ભીલાડ નરોલી રોડ ઇન્ડિયાપાડા જગદીશભાઈની દુકાનમાં તાલુકા ઉમરગામ) પોતાની દુકાનમાં ગેરકાયદે રીતે છૂટક વેચાણ કરે છે. જે બાતમીના આધારે રેડ કરી ગાંજાનો જથ્થો 0.722 કિલોગ્રામ કિંમત રૂપિયા 36,100 મળી આવતા અટક કરી તેની વિરુદ્ધમાં ભીલાડ પોલીસ મથકમાં NDPS એક્ટ 1985 મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જલાલપોરમાં વિનામૂલ્યે નેત્ર યજ્ઞ યોજાયો

સુરત : માનવ રોગ નિવારણ મંડળ નવસારીના ઉપક્રમે જલાલપોર ગામ ખેતી વિકાસ સહકારી મંડળી મીઠા કુવા જલાલપોર રોટરી આઈ હોસ્પિટલ નવસારીના સહયોગથી નેત્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જલાલપોર ઉપરાંત આસપાસના ગામનાથી અનેક લોકોએ આ નેત્ર યજ્ઞનો લાભ લીધો હતો. માનવ રોગ નિવારણ મંડળના પ્રમુખ વિરેન્દ્ર દેસાઈ, ઉપ-પ્રમુખ જેસીંગભાઇ રાઠોડ, મંત્રી ગિરીશ નાયક તેમજ જલાલપોર ખેતી વિકાસ સહકારી મંડળીના પ્રમુખ નટુભાઈ નાયકના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આજે યોજાયેલા નેત્ર યજ્ઞ કેમ્પમાં કુલ 251 જેટલા લોકોએ પોતાના આંખની તપાસ કરાવી હતી. જેમાં 146 નજીકના ચશ્મા વિના મૂલ્ય આપવામાં આવ્યા હતા. 43 મોતિયાના ઓપરેશન ફ્રીમાં કરવામાં આવશે. જે પૈકી 28 દર્દીઓને ખાસ રિફર કરવા માટે વધુ તપાસ કરાશે. આ કેમ્પને સફળ બનાવવામાં માનવ સહમંત્રી પ્રકાશભાઈ હળપતિ તેમજ ટ્રસ્ટી હસુભાઈ દેસાઈ (પોંસરા) ખજાનચી ગીરીશભાઈ દેસાઈ તેમજ જલાલપોર ગામ ખેતી વિકાસ સહકારી મંડળી મીઠા કુવા જલાલપોર પ્રમુખ નટુભાઈ નાયકનો વિશેષ ફાળો રહ્યો હતો.

બીલીમોરા નવનાથ ધામમાં શ્રી ચૈતન્ય દત્તાત્રેય યજ્ઞનું ભવ્ય આયોજન

બીલીમોરા : બીલીમોરા નવનાથ ધામ ખાતે પંચ ભેષ મહોત્સવના પાવન અવસરે છોટેદાદાના સાનિધ્યમાં શ્રી ચૈતન્ય દત્તાત્રેય યજ્ઞનું તથા આધ્યાત્મિક આયોજન કરવામાં આવ્યું હતું. ઊઁ શ્રી ચૈતન્ય દત્તાત્રેયાય નમ: ની પાંચ રંગમાં બનાવેલી વિશેષ ધજા આરોહણથી ભવ્ય શુભારંગ થયો હતો. ભગવાન દત્તાત્રેયને પણ પીળા રંગના વસ્ત્રોથી અલંકારિત કરવામાં આવ્યા હતા. છોટેદાદાએ ભગવાન દત્તાત્રેયને ચાંદીનો મુકુટ અર્પણ કર્યો હતો, જે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ પ્રસંગે ભક્તો પીળા રંગના વસ્ત્રો ધારણ કરી આવ્યા હતા. વર્ષ પહેલા છોટેદાદાએ પંચ ભેષ સ્તુતિની રચના કરી હતી, જેમાં ભગવાન દત્તાત્રેયની રાજયોગી, પીર, અવધૂત, શ્રીમાન અને જોગી, આ પાંચ સ્વરૂપોમાં આરાધના અને મહિમાનું ભાવસભર વર્ણન કરવામાં આવ્યું છે. આ સ્તુતિના આધારે છોટેદાદાએ ભક્તોના કલ્યાણ હેતુ આખું વર્ષ પંચ ભેષમાં ભગવાન દત્તાત્રેયની નિયમિત પૂજા કરી વિશેષ અનુષ્ઠાન કર્યું હતું. વિશેષ ફળદાયી આ યજ્ઞમાં ભક્તોએ પોતાની મનોકામના પૂર્ણ થવાની ભાવના સાથે કાષ્ટ હોમી આહુતિ અર્પણ કરી હતી. ભક્તો માટે પીળો નારિયેળી ભાત, ફ્લાવર વટાણા બટાકાનું શાક, પીળું કચુંબર, પીળી પુરી, પીળા બુંદી ગાંઠિયા, પીળી કઢી, મસાલા ભાત, પાણીની બોટલ જેવી પીળી વાનગીઓથી પીળો ભંડારો કરવામાં આવ્યો હતો. આ નિમિત્તે એકસોથી વધુ જરૂરિયાતમંદોને શ્રી દત્ત પ્રસાદમ અનાજ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ડાભેલમાં હળપતિ યુવાન હત્યાકાંડમાં ચોથા આરોપીની ધરપકડ

નવસારીઃ જલાલપોરના ડાભેલ ગામે હળપતિ સમાજના યુવાનની હત્યાના ગંભીર પ્રકરણમાં પોલીસે ફરાર રહેલા ચોથા આરોપી ઉસ્માન એકલવાયાને પોલીસે ઝડપી પાડ્યો છે. અગાઉ આ હત્યાકાંડમાં ત્રણ આરોપીઓની ધરપકડ થઈ ચૂકી હતી. દિપક રાઠોડે કામ કરવા બાબતે ના પાડી હતી તેની અદાવત રાખી હળપતિ યુવાન પર હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ગંભીર માર મારવામા દીપકનું ટૂકી સારવાર બાદ સિવિલ હોસ્પિટલમાં તેનું મોત થયું હતું. ઘટનાને પગલે હળપતિ સમાજમાં ભારે આક્રોશ ફેલાયો હતો અને ન્યાયની માંગ સાથે પ્રદર્શન પણ થયા હતા. મામલો સંવેદનશીલ બનતા ઉચ્ચ અધિકારીઓની દેખરેખ હેઠળ તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસે મળેલી બાતમીના આધારે ઉસ્માન એકલવાયાને ઝડપી પાડીને કોર્ટમાં રજૂ કર્યો છે અને આગળની પૂછપરછ શરૂ કરી છે. અધિકારીઓએ જણાવ્યું કે, આરોપીઓની ભૂમિકા, ઘટનાક્રમ અને હુમલામાં વપરાયેલા સાધનો અંગે વધુ વિગતો મેળવવા રિમાન્ડની કાર્યવાહી કરવામાં આવશે.

ખેરના લાકડાની તસ્કરીનો કેસ : આરએફઓની ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી

ધરમપુર-વાંસદા ACFની બદલી

ગોડથલમાંથી ખેરના લાકડાની તસ્કરીનો મહારાષ્ટ્ર વન વિભાગે પર્દાફાશ કરતા તુમારોની તપાસ હાથ ધરવામાં આવી હતી

વલસાડ ઉત્તર વન વિભાગના અધિકારીઓનો તબેલામાંથી ઘોડા છૂટી ગયા બાદ તબેલાને તાળું મારવા જેવો ઘાટ સર્જાયો હતો

એસીએફની જવાબદારી નક્કી કરી શિક્ષાત્મક કાર્યવાહીના સ્થાને માત્ર બદલીથી સંતોષ માની ઢાંકપીછોડો કરવાનો પ્રયાસ

ધેજ : ચીખલી તાલુકાના ગોડથલ વિસ્તારમાંથી ખેરના લાકડાની તસ્કરીની તપાસ વચ્ચે વન વિભાગ દ્વારા ધરમપુર અને વાંસદા એસીએફ રુચિ દવે અને જ્યોતિબાલા જોષીની ગાંધીનગર બદલી કરી દેવામાં આવી છે ત્યારે ગોડથલ વિસ્તારમાંથી ઈમારતી લાકડાની તસ્કરીના મસમોટા રેકેટનો પર્દાફાશ મહારાષ્ટ્ર વન વિભાગે કર્યા બાદ ધરમપુર એસીએફ રુચિ દવેની પણ જવાબદારી નક્કી કરી ખાતાકીય તપાસ કરી શિક્ષાત્મક કાર્યવાહી કરવાના સ્થાને માત્ર બદલીથી સંતોષ માની હજુ પણ આ અધિકારીની ઈમારતી લાકડાની તસ્કરી રોકવામાં નિષ્ફળતા ઉપર ઢાંકપીછોડો કરી બચાવવા માટે ધામપછાડા કરવામાં આવી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. ચીખલી રેન્જ કચેરીમાં રાઉન્ડ ફોરેસ્ટરની ચેમ્બરમાં છુપા કેમેરા ગોઠવી તેનું રેકોર્ડિંગ વન વિભાગની બહાર પહોચાડવામાં પણ રૂચિ દવેનો જ હાથ હોવાનું કહેવાય છે ત્યારે એ દિશામાં પણ તટસ્થ તપાસ થાય તો હકીકત બહાર આવે તેમ છે બાકી એકબાજુ લાકડાની તસ્કરી રોકવામાં નિષ્ફળ તો બીજી બાજુ યેનકેન પ્રકારે તુમાર માટે ખેડૂતોને ધક્કે ચઢાવતા ગેરકાયદેસર વૃક્ષ છેદનને આડકતરી રીતે પ્રોત્સાહન મળવા સાથે ખેડૂતોનું શોષણ થવાની સ્થિતિ સર્જાઈ હતી.

ચીખલી રેંજ કચેરી ખાતે સાત આરએફઓની ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

તાલુકાના ગોડથલમાં વિવિધ વિસ્તારમાંથી ખેરના ઝાડો લાવી, એકત્ર કરી આ ઝાડોની છાલ કાઢીને ખેરચોરો દ્વારા આ જથ્થો અન્ય રાજ્યોમાં રવાના કરાતા મહારાષ્ટ્ર વન વિભાગે મહારાષ્ટ્રની હદમાંથી ખેરના લાકડા ભરેલી ટ્રક ઝડપી પાડતા વન વિભાવના અધિકારીઓની ગંભીર બેદરકારી ઉજાગર થતા ચામડી બચાવવા સફાળા જાગેલા અધિકારીઓએ છાપો મારતા ગોડથલમાંથી માત્ર છાલનો જથ્થો હાથ લાગ્યો હતો. અને વલસાડ ઉત્તર વન વિભાગના અધિકારીઓનો તબેલામાંથી ઘોડા છૂટી ગયા બાદ તબેલાને તાળું મારવા જેવો ઘાટ સર્જાયો હતો. ઉપરોક્ત ગુનાના સંદર્ભમાં આજે ચીખલી રેંજમાં સાત આરએફઓની ટીમ દ્વારા અગાઉ મંજુર કરાયેલા તુમારોની કચેરીમાં અને ફિલ્ડમાં પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. આ પૂર્વે પણ ૧૧ આરએફઓની ટીમ દ્વારા તપાસ કરાઈ હતી. ખેરના લાકડા ગોડથલમાં એકત્ર કરી છોલવામાં આવતા હતા. તેમાં સ્થાનિક આરએફઓ, એસીએફ, ડીએફઓ સહિતના અધિકારીઓ અંધારામાં હતા કે કેમ કે પછી ગાંધારીની ભૂમિકા ભજવી રહ્યા હતા તે હજુ સ્પષ્ટ કરાયું નથી અને લાકડાના જથ્થાની માત્રા સામે જવાબદારી નક્કી કરી એકપણ ઉચ્ચ અધિકારી સામે આજદિન સુધી પગલાં લેવાયા નથી ત્યારે સમગ્ર પ્રકરણ પર પડદો પાડવાની ફિરાકમાં હોય તેવું ફલિત થઈ રહ્યું છે. વન અને પર્યાવરણ વિભાગના નાયબ સચિવ દ્વારા ધરમપુર, વાંસદા એસીએફ રૂચિ ઘનશ્યામ દવે અને જ્યોતિબાલા ભાનુશંકર દવેની ગાંધીનગર બદલી સાથે તેમના સ્થાને પાલીતાણા એસીએફ ભગીરથસિંહ ઝાલા અને ગાંધીનગરમાં જ ફરજ બજાવતા જીગર લાલજી પટેલની નિમણૂક કરવામાં આવી છે.

રાઉન્ડ ફોરેસ્ટરની ચેમ્બરમાં છુપા કેમેરા ગોઠવી જાસૂસી કરવામાં આવી

ચીખલી રેંજ કચેરીમાં રાઉન્ડ ફોરેસ્ટરની ચેમ્બરમાં છુપા કેમેરા ગોઠવી કથિત જાસૂસી કરાવવાના પ્રકરણમાં પોલીસ દ્વારા સ્ટાફના પાંચેક જેટલા કર્મચારીઓના નિવેદન લેવામાં આવ્યા છે. રાઉન્ડ ફોરેસ્ટરની ચેમ્બરમાં કોની સૂચનાથી કોણે કેમેરા ગોઠવ્યા અને આ કેમેરાનું રેકોર્ડિંગ વન વિભાગની બહાર કોણે વાયરલ કર્યું તે તમામ પ્રશ્ને ઝીણવટભરી તટસ્થ તપાસ થાય અને આ માટે જવાબદાર વન વિભાગના અધિકારી સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે કે કેમ તે જોવું રહ્યું.

દમણમાં ટ્રકની અડફેટે બાઈક સવાર દંપતી પૈકી પત્નીનું મોત

પતિને ગંભીર ઈજા પહોંચતા હોસ્પિટલમાં દાખલ કરાયા

દમણ : સંઘપ્રદેશ દમણમાં ટ્રકની અડફેટે એક બાઈક સવાર દંપતી આવી જતા સર્જાયેલી ઘટનામાં પત્નીનું મોત નિપજ્યું હતું. જ્યારે બાઈક ચાલક પતિને ઈજા સાથે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ, સોમવારે મોડી સાંજે કચીગામની નેનો વન સોસાયટીમાં રહેતા ઉદય આશિષ રામ તેની પત્ની આરતી સાથે બાઈક પર સવાર થઈને કલરિયા પાસે આવેલા ડી-માર્ટ માં ખરીદી કરવા ગયા હતા. ખરીદી બાદ દંપતી પોતાની બાઈક પર કચીગામ તરફ આવવા નીકળ્યા ત્યારે રસ્તા પરથી પસાર થતી એક ટ્રકની અડફેટે દંપતી આવી જતા ટ્રકનું ટાયર પત્ની આરતી ઉદયરામ (ઉંવ.34) પરથી ફરી જતાં તેનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે પતિ ઉદય રામને ઈજાઓ પહોંચતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટના બાદ ટ્રકનો ચાલક ઘટના સ્થળેથી ભાગી છૂટ્યો હતો. રસ્તા પર લોકો ટોળું એકત્ર થઈ જતા ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. બનાવને પગલે કચીગામ પોલીસે ઘટના સ્થળે આવી જરૂરી કાર્યવાહી કરી ગુનો દાખલ કરી ટ્રકના ડ્રાઈવરને પકડવાની કાર્યવાહી શરૂ કરી છે.

ગુંદલાવના ગોડાઉનમાંથી 1.87 લાખના કઠોળની ચોરી કરનારની અટક

વલસાડ : વલસાડના ગુંદલાવ વિસ્તારમાં આવેલા દિયા કોમ્પલેક્સમાં મોહિત ભાનુશાલીના અનાજ અને કઠોળના ગોડાઉનમાંથી ગત જાન્યુઆરી 2025 માં તસ્કરો કઠોળના 89 કટ્ટા (આશરે 2670 કિલો જથ્થો) ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ચોરી થયેલા મુદ્દામાલની કિંમત રૂપિયા 1.87 લાખ આંકવામાં આવી હતી. ચોરીની આ ઘટના બાદ તપાસમાં પોલીસને મળેલી બાતમીના આધારે આ ચોરીમાં સંડોવાયેલા આરોપીનું પગેરું મળ્યું હતું. પોલીસે વોચ ગોઠવીને ચોરી કરનાર દિનેશ મંગલારામ માલી (મૂળ રહે. રાજસ્થાન) ને વાપી વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે.

કાલિયાવાડી હનુમાન મંદિર કપાત મુદ્દે NMCમાં મજબૂત રજૂઆત

મંદિરનો અડધો ભાગ કપાતમાં આવતો હોવાનું દર્શાવવામાં આવ્યું, મંદિર બચાવવા મદદની વિનંતી

નવસારી : કાલિયાવાડી વિસ્તારમાં આવેલા પ્રાચીન હનુમાન મંદિર રોડ પહોળો કરવાની કામગીરીમાં કપાતમાં આવતું હોવાની નોટિસને લઈને શહેરમાં વિવાદ સર્જાયો હતો. નવસારી મ્યુનિસિપલ કોર્પોરેશન (NMC) દ્વારા તારીખ 15/12/2025ના રોજ મંદિરને કપાતની નોટિસ પાઠવવામાં આવી હતી, જેમાં મંદિરનો અડધો ભાગ કપાતમાં આવતો હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. આ મુદ્દે મંદિરના મહારાજ નાજાભાઈએ સ્થાનિક આગેવાનોનો સંપર્ક કરી મંદિર બચાવ માટે મદદની વિનંતી કરી હતી.

મામલો ગંભીર બનતા NMCના ડેપ્યુટી કમિશનર સાથે બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન સ્પષ્ટ રીતે રજૂઆત કરવામાં આવી હતી કે સુપ્રીમ કોર્ટ તથા હાઈકોર્ટના આદેશો સરકારી જમીન પર ટ્રાફિકમાં અવરોધરૂપ બાંધકામોને લઈને છે, જ્યારે કાલિયાવાડી હનુમાન મંદિર માલિકીની ખાનગી જમીન પર આવેલું છે. તેથી આ મંદિરને સરકારી જમીન પરના ગેરકાયદેસર બાંધકામ સમાન ગણાવી શકાય નહીં.

હિન્દુ સંગઠનના અગ્રણી રાકેશ શર્મા સહિતના આગેવાનો દ્વારા જણાવાયું હતું કે વર્ષ 1975માં કાલિયાવાડીથી ગ્રીડ રોડ અપ-ડાઉન સિંગલ રોડ હતો. તે સમયે જમીન માલિકે જનહિતમાં પોતાની જમીન સ્વેચ્છાએ રોડ માટે આપી હતી, જેના કારણે રોડ ફોરલેન બન્યો હતો. હવે ફરી સિક્સ લેનના નામે ખાનગી માલિકીની જમીન માંગવામાં આવી રહી છે, જેમાં હનુમાન મંદિરની જમીન પણ સામેલ છે અને મંદિરનો અડધો ભાગ કપાતમાં આવે તે બાબત સ્વીકાર્ય નથી.

રજુઆત દરમિયાન ચેતવણી પણ આપવામાં આવી હતી કે જો હાલ અડધું મંદિર કપાતમાં જશે તો ભવિષ્યમાં ફરી રોડ પહોળો કરવાના નામે આખું મંદિર દૂર કરવાની પરિસ્થિતિ ઊભી થઈ શકે છે.

છેતરપિંડી કરનાર કેનેડા રહેતા પતિ-સાસરિયા સામે ફરિયાદ

કેનેડા રહેતી પરિણીતાએ સાસરીયાઓને મકાન ખરીદવા આપેલા 60 લાખ પરત નહીં મળતા ફરિયાદ નોંધાવી

નવસારી : નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં મકાન ખરીદવાના બહાને લાખોની છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગંભીર ગુનો નોંધાયો છે. આ મામલે કેનેડામાં રહેતા પતિ તથા સાસરિયાઓ સામે પોલીસ દ્વારા FIR દાખલ કરવામાં આવી છે.

ફરિયાદી સ્નેહાબેન કરીમભાઈ ડોબરીયા (ઉ.વ. 34) વ્યવસાયે કેનેડાની એક HR કંપનીમાં નોકરી કરે છે અને હાલ ટોરોન્ટો, કેનેડામાં રહે છે. ફરિયાદ મુજબ ગુનાનું સ્થળ નવસારી શહેરના છાપરા વિસ્તારમાં સિંધી કેમ્પ રોડ પર આવેલા પરમેશ ડાયમંડ પાસે, કાનજી પાર્ક-3 સ્થિત મકાન નં. 62-બી દર્શાવવામાં આવ્યું છે.

આ કેસમાં આરોપી તરીકે ફરીયાદીના પતિ બખ્તાવર બરકત નાથાણી, સાસુ સાચરોજબેન બરકત નાથાણી, સસરા બરકત અબ્દુલ નાથાણી તથા દિયર સાગર બરકત નાથાણીના નામો નોંધાયા છે. આરોપીઓનું મૂળ વતન ગીર સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકાના ચિત્રાવડ ગીર ગામ હોવાનું પોલીસ નોંધમાં જણાવાયું છે. જેમાંથી પતિ બખ્તાવર નાથાણી તથા દિયર સાગર નાથાણી હાલ કેનેડામાં રહેતા હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ છે.

ફરિયાદ અનુસાર આરોપીઓએ મકાન ખરીદવાના હેતુથી ફરીયાદી તેમજ તેમના પિતાજી પાસેથી રોકડ રકમ લેવડાવી હતી. મકાનના હપ્તા પણ ફરીયાદી દ્વારા ચૂકવવામાં આવ્યા હતા. તેમ છતાં પતિ, સાસુ-સસરા અને દિયરે પરસ્પર સાંઠગાંઠ કરીને ફરીયાદી પાસેથી રોકડ રૂપિયા તથા સોનાના દાગીના મેળવી કુલ અંદાજે રૂપિયા 60 લાખ જેટલી માતબર રકમ પરત ન આપતાં વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરવામાં આવી હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. આ સમગ્ર મામલે નવસારી ટાઉન પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. કેસની તપાસ પોલીસ સબ-ઇન્સ્પેક્ટર વી.પી. ચૌધરી કરી રહ્યા છે. પોલીસે જણાવ્યું છે કે વિદેશમાં રહેલા આરોપીઓ સામે કાયદેસર કાર્યવાહી સહિત તમામ પાસાંઓની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

ટ્રક માલિકો અને પરિવહન વ્યવસાય સાથે જોડાયેલા લોકો મુશ્કેલીમાં મુકાતા મુદ્દો નવસારી જિલ્લામાં ફરી ઉઠ્યો

GPS સિસ્ટમની ખામીઓ દૂર કરવા રજૂઆત

GPS સિસ્ટમ મુદ્દે ટ્રક માલિકોની મુશ્કેલી વધતા નવસારી જિલ્લા લોકલ ટ્રક એસો.ની તંત્રને રજૂઆત

GPS ચાલુ હોવા છતાં સરકારી વેબસાઇટ પર વાહનો ટ્રેક થતા નથી, જેના કારણે શંકા, દંડનો સામનો કરવો પડે છે

નવસારી : GPS સિસ્ટમની અમલવારીને કારણે ટ્રક માલિકો અને પરિવહન વ્યવસાય સાથે જોડાયેલા લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા હોવાનો મુદ્દો નવસારી જિલ્લામાં ફરી ઉઠ્યો છે. નવસારી જિલ્લા લોકલ ટ્રક એસોસિયેશન દ્વારા GPS સિસ્ટમ અંગેની વિવિધ ખામીઓ અને તેના કારણે થતી આર્થિક નુકસાની બાબતે તંત્ર સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી છે.

એસોસિયેશનના જણાવ્યા મુજબ GPS ડિવાઇસ ફરજિયાત રીતે ઇન્સ્ટોલ કરાવવામાં આવ્યા છે, પરંતુ ઘણા ડિવાઇસ યોગ્ય રીતે કાર્યરત નથી. GPS ચાલુ હોવા છતાં સરકારી વેબસાઇટ પર વાહનો ટ્રેક થતા નથી, જેના કારણે ટ્રક માલિકોને બિનજરૂરી શંકા, દંડ અને કાર્યવાહીનો સામનો કરવો પડે છે. આ સ્થિતિમાં સરકારી ટ્રેકિંગ સિસ્ટમ 24 કલાક સુચારૂ રીતે કાર્યરત રાખવાની માંગ કરવામાં આવી છે.

GPS સિસ્ટમમાં ટેક્નિકલ ખામીઓના કારણે અનેક વાહનોને 10થી 15 દિવસ સુધી ઊભા રાખવા પડે છે. પરિણામે ટ્રક માલિકોને ભારે આર્થિક નુકસાન થાય છે અને રોજગારી પણ અસરગ્રસ્ત બને છે. એસોસિયેશને રજૂઆત કરી છે કે જો સર્વર ડાઉન થાય તો ઓછામાં ઓછો 30 મિનિટનો વિકલ્પ સમય આપવામાં આવે, જેથી પરિવહન વ્યવસાય પર અચાનક અસર ન પડે.

આ ઉપરાંત ખનીજ વિભાગ અને RTO શાખા સંદર્ભે પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. રોયલ્ટી મુજબ મટીરિયલ ભરેલું હોવા છતાં RTO દ્વારા કાર્યવાહી કરવામાં આવતી હોવાની ફરિયાદ ઉઠી છે. એસોસિયેશનનું કહેવું છે કે જો રોયલ્ટી યોગ્ય રીતે ભરેલી હોય તો ટ્રક માલિકો પર કોઈપણ પ્રકારનો દંડ ન થવો જોઈએ.

GPS અને રોયલ્ટી ગણતરીમાં અસંગતતા

મોટી ખાણોમાં ખનન અને ભરાણ વચ્ચે 2થી 5 કિ.મી.નું અંતર હોવા છતાં GPS અને રોયલ્ટી ગણતરીમાં અસંગતતા જોવા મળે છે. વાસ્તવિક અંતર અને સ્ટોકના આધારે રોયલ્ટી નક્કી કરવાની માંગ પણ એસોસિયેશન દ્વારા કરવામાં આવી છે. નવસારી જિલ્લા લોકલ ટ્રક એસોસિયેશને તંત્રને અપીલ કરી છે કે ટ્રક માલિકોના હિતમાં GPS સિસ્ટમની ખામીઓ દૂર કરી યોગ્ય અને વ્યવહારુ નિર્ણય લેવાય, જેથી પરિવહન વ્યવસાયને રાહત મળી શકે.